eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 96
March 30, 2007

## વિશ્વ ક્ષય દિનનું સૂત્ર – 'ટીબી એની વ્હેર ઈઝ ટીબી એવરીવ્હેર' સુરત મનપા સહિત વિશ્વભરમાં ૨૪ માર્ચે વિવિધ કાર્યક્રમો



તા. ૨૪ માર્ચ, ૧૮૮૨ના દિને રોબર્ટ કોક નામના વૈજ્ઞાનિકે ટીબીનાં જંતુઓની શોધ કરી ત્યારે તેને ખૂબ આશા હતી કે આ ભયંકર રોગને કાબુમાં લાવી શકાશે. પરંતુ અફસોસ કે આજ દિન સુધી ટીબીને નાથી શકાયો નથી તથા એચ.આઈ.વી.નાં વાઈરસના ફેલાવાથી તેમાં વિકસિત દેશોમાં પણ વધુ કેસો થતા જાય છે. ટીબીને નાથી નહિ શકવાનું મુખ્ય કારણ ટીબીની અધૂરી–અનિયમિત સારવાર છે. જેમાં નિરાકરણ અર્થે વિશ્વ આરોગ્ય સંસ્થાએ સમગ્ર વિશ્વમાં શ્રેષ્ઠ એવી 'ડોટસ' પ્રણાલીથી સારવાર કરવા સૂચવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશુપાલન વિભાગ અને સુરત મહાનગર સેવાસદનના અધિકારીઓએ છાપરાભાઠા વિસ્તારમાં આવેલ ભેંસોના તબેલાઓમાં ગળસુંઢા રોગના ચિન્હો દેખાતા, સાવચેતીના તમામ પગલાં રૂપે રોગ વિરોધી રસીકરણ અભિયાન શરૂ કર્યું

જીલ્લા વિકાસ અધિકારી અને ઈ.ચા.મ્યુનિસિપલ કમિશ્નરશ્રી વિજય સોનવણેને છાપરાભાઠા વિસ્તારમાં આવેલ ભેંસોના તબેલાઓ પૈકી અમુક તબેલાઓમાં એકાએક પશુઓના થયેલ મૃત્યુ અંગે સૂચના મળતાં, તેઓએ તાત્કાલિક જીલ્લા પંચાયતના નાયબ પશુપાલન નિયામક ડો. એચ. એન. પટેલને બોલાવી, પશુઓના મૃત્યુ કેવી રીતે થયેલ છે? તે બાબતનું તમામ જાત નિરીક્ષણ કરવા અને આ તબેલાઓમાં રાખવામાં આવેલ પશુઓમાં કોઈ રોગચાળો ન પ્રસરે તે માટે તાકીદે સાવચેતીના તમામ પગલાં લેવા સૂચના આપેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૨૫–૩–'૦૭ના રોજ યોજાયેલ બેડમીન્ટલ ટુર્નામેન્ટ



સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા.૨૫.૩.૨૦૦૭ ના રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે મેયર્સ ટીમ–કમિશનર્સ ટીમ તથા પ્રેસ ટીમના સભ્યો વચ્ચે ટ્રાયેન્ગ્યુલર બેડમીન્ટન ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. ડે. મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા, આસી.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ, અન્ય સમિતિ ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ ની ઉપસ્થિતિમાં સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત રાંદેર ઝોનમાં તા. ૨૬–૩–૨૦૦૭ના રોજ વોર્ડ નં. ૧૪ (અડાજણ–વેસ્ટ) વિસ્તારમાં સફાઈ અભિયાન



તા. ૨૬–૩–૨૦૦૭ના રોજ રાંદેર ઝોનમાં અડાજણ ગામ વોર્ડ વિસ્તારમાં આર્જીસ સર્કલ થી બદ્રીનારાયણ મંદિર તથા મહાદેવનગર ઝુંપડપટ્ટીમાં " નિર્મળ ગુજરાત ૨૦૦૭ " અંતર્ગત સફાઈ અભિયાન રાખવામાં આવેલ. જેમાં મ્યુ. સભ્યશ્રી પ્રવિણભાઈ પટેલ હાજર રહેલ હતા. રાંદેર ઝોનના આસી. આરોગ્ય અધિકારીના સીધા માર્ગદર્શન હેઠળ આરોગ્ય કર્મચારીઓ ધ્વારા તળિયાઝાટક સાફ સફાઈ કરાવી જંતુનાશક પાવડર–દવાનો છંટકાવ કરાવવામાં આવેલ છે તેમજ આરોગ્ય શિક્ષણની કામગીરી અને લોકજાગૃતિ અભિયાન કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં તા. ૨૮–૩–૨૦૦૭ના રોજ વોર્ડ નં. ૧૩ (રાંદેરરોડ–ગોરાટ) વિસ્તારમાં સફાઈ અભિયાન



તા. ૨૮–૩–૨૦૦૭ના રોજ રાંદેર ઝોનમાં અડાજણ પાટીયા વોર્ડ વિસ્તારમાં નહેરૂનગર, સુભાષનગર વિસ્તાર તથા આંતરીક રસ્તાઓ પર " નિર્મળ ગુજરાત ૨૦૦૭ " અંતર્ગત સફાઈ અભિયાન રાખવામાં આવેલ. જેમાં મ્યુ. સભ્યશ્રી જીગીષભાઈ દવે, અરૂણાબેન દેસાઈ અને સ્થાનિક કાર્યકરો હાજર રહેલ હતા. રાંદેર ઝોનના આસી. આરોગ્ય અધિકારીના સીધા માર્ગદર્શન હેઠળ આરોગ્ય કર્મચારીઓ ધ્વારા તળિયાઝાટક સાફ સફાઈ કરાવી જંતુનાશક પાવડર–દવાનો છંટકાવ કરાવવામાં આવેલ છ

વધુ માટે કલીક કરો >>>>>>

## મજુરો માટે સંડાસ–બાથરૂમની સગવડતા ઉભી કરવા સરકારનો આદેશ

રાજય સરકાર ધ્વારા સને–૨૦૦૭ના વર્ષને "નિર્મળ ગુજરાત" ના વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરાયેલ છે. જે અન્વયે નીચે મુજબની સુચનાઓનો અમલ કરવા તમામ સંબંધિત ઝોન તથા વિભાગોને હુકમો કરવામાં આવેલ છે.

(૧) સુરત મહાનગર સેવાસદન ધ્વારા હાથ ધરવામાં આવતા વિકાસ કામોના જે તે ઈજારદાર ધ્વારા બાંધકામના સ્થળે બાંધકામના મજુરો માટે બાથરૂમ–સંડાશની વ્યવસ્થા ઉભી કરાવવા તથા પ્રોજેકટ પૂર્ણ થાય ત્યાં સુધી આવી વ્યવસ્થાના નિભાવ કરવા જે તે સંબંધિત વિભાગ/ઝોનને જણાવવામાં આવેલ છે, અને જો તેનો અમલ ન થાય તો સંબંધિત સામે દંડકીય કાર્યવાહી પણ કરવા જણાવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

# વિશ્વ ક્ષય દિનનું સૂત્ર – 'ટીબી એની વ્હેર ઈઝ ટીબી એવરીવ્હેર' સુરત મનપા સહિત વિશ્વભરમાં ૨૪ માર્ચે વિવિધ કાર્યક્રમો




તા. ૨૪ માર્ચ, ૧૮૮૨ના દિને રોબર્ટ કોક નામના વૈજ્ઞાનિકે ટીબીનાં જંતુઓની શોધ કરી ત્યારે તેને ખૂબ આશા હતી કે આ ભયંકર રોગને કાબુમાં લાવી શકાશે. પરંતુ અફસોસ કે આજ દિન સુધી ટીબીને નાથી શકાયો નથી તથા એચ.આઈ.વી.નાં વાઈરસના ફેલાવાથી તેમાં વિકસિત દેશોમાં પણ વધુ કેસો થતા જાય છે. ટીબીને નાથી નહિ શકવાનું મુખ્ય કારણ ટીબીની અધૂરી–અનિયમિત સારવાર છે. જેમાં નિરાકરણ અર્થે વિશ્વ આરોગ્ય સંસ્થાએ સમગ્ર વિશ્વમાં શ્રેષ્ઠ એવી 'ડોટસ' પ્રણાલીથી સારવાર કરવા સૂચવેલ છે. સુરત મહાનગર સેવાસદન વિસ્તારમાં પણ સને–૨૦૦૦થી ટીબીની સચોટ સારવાર 'ડોટસ' ઉપલબ્ધ છે તથા તેના ખૂબ સારા પરિણામો નજર સમક્ષ છે. સુરત શહેરામં કુલ અંદાજિત ૬૦૦૦થી વધુ વાર્ષિક ટીબીનાં કેસો થાય છે. જેમાંથી સને–૨૦૦૬નાં વર્ષમાં ૪૩૮૨ ટીબીનાં કેસોને આવી 'ડોટસ' સારવાર આપવામાં સફળતા મળી છે એટલે કે ૭૦% જેટલા કેસો ટીબીની 'ડોટસ' સારવાર હેઠળ આવરી લીધા છે. હજુ ૩૦% જેટલા કેસો પ્રાઈવેટ સારવાર લે છે. ગુજરાતમાં આ વર્ષે કુલ ૭૯,૮૨૧ તથા ભારતમાં કુલ ૧૩,૯૭,૪૯૮ દર્દીઓને આવી સારવાર આપવામાં અવી હતી. સુરત શહેરમાં ખાનગી તબીબો પણ આનો લાભ તેમનાં દર્દીઓને વિનામૂલ્યે આપી રહયા છે. સુરતનાં અંદાજિત ૬૯૪ જેટલા ખાનગી તબીબો આ કાર્યક્રમમાં હાલ સામેલ છે.

સ્ટોપ ટીબી મુવમેન્ટ–વિશ્વ આરોગ્ય સંસ્થાએ આ વર્ષે વિશ્વ ક્ષય દિનનું સૂત્ર 'ટીબી એની વ્હેર ઈઝ ટીબી એવરી વ્હેર ' આપેલ છે. જે મુજબ વિશ્વનાં કોઈપણ ખૂણામાં થતો ટીબી કોઈપણ જગ્યાએ પ્રસરી શકે છે, જેથી તમામ લોકો, તમામ સંસ્થાઓ, તમામ પ્રાઈવેટ ડોકટરોને અપીલ કરવામાં આવે છે કે ટીબી હોય તો ફકત ડોટસ લો અને લેવડાવો.

TOP

## પશુપાલન વિભાગ અને સુરત મહાનગર સેવાસદનના અધિકારીઓએ છાપરાભાઠા વિસ્તારમાં આવેલ ભેંસોના તબેલાઓમાં ગળસુંઢા રોગના ચિન્હો દેખાતા, સાવચેતીના તમામ પગલાં રૂપે રોગ વિરોધી રસીકરણ અભિયાન શરૂ કર્યું

જીલ્લા વિકાસ અધિકારી અને ઈ.ચા.મ્યુનિસિપલ કમિશ્નરશ્રી વિજય સોનવણેને છાપરાભાઠા વિસ્તારમાં આવેલ ભેંસોના તબેલાઓ પૈકી અમુક તબેલાઓમાં એકાએક પશુઓના થયેલ મૃત્યુ અંગે સૂચના મળતાં, તેઓએ તાત્કાલિક જીલ્લા પંચાયતના નાયબ પશુપાલન નિયામક ડો. એચ. એન. પટેલને બોલાવી, પશુઓના મૃત્યુ કેવી રીતે થયેલ છે? તે બાબતનું તમામ જાત નિરીક્ષણ કરવા અને આ તબેલાઓમાં રાખવામાં આવેલ પશુઓમાં કોઈ રોગચાળો ન પ્રસરે તે માટે તાકીદે સાવચેતીના તમામ પગલાં લેવા સૂચના આપેલ. સાથોસાથ તેઓશ્રીએ સુરત મહાનગર સેવાસદનના માર્કેટ અમલદાર અને મુખ્ય પશુજન સ્વસ્થ અધિકારી ડો. મહેતાને આ અંગે સૂચના આપતાં, ડો. મહેતાએ તેમની ટીમ સાથે જીલ્લા પંચાયતના નાયબ પશુપાલન નિયામક સાથે બનેલ ઘટના સ્થળે ધસી જઈ, સદરહુ સ્થળ તેમજ છાપરાભાઠામાં આવેલ ભેંસોના તમામ તબેલાઓમાં ઘનિષ્ઠ તપાસ હાથ ધરી, જાનવરોના સ્વાસ્થ્યને તપાસેલ તેમજ તમામ પશુપાલકોને એક જગ્યાએ બોલાવી, મીટીંગ રાખી આ રોગ અન્ય ભેંસોમાં પ્રસરે નહીં અને રોગગ્રસ્ત જાનવરને કઈ રીતે બચાવવું તેનું માર્ગદર્શન આપેલ. આ વિસ્તારમાં મરણ પામેલ ભેંસોના મૃત્યુ ગળસુંઢા રોગથી થયેલ હોવાનું લેબોરેટરી પરિક્ષણ ધ્વારા હોવાનું માલૂમ પડેલ છે તથા તપાસ કરતા આ વિસ્તારમાં આવેલ તમામ ભેંસોના તબેલાઓમાં રાખવામાં આવેલ ભેંસોમાં અગાઉ ગળસુંઢા રોગ વિરોધી રસીકરણ કરવામાં આવેલ હતું. પરંતુ આ વિસ્તારમાં ગુજરાતના અન્ય જીલ્લાઓમાંથી ભેંસોની અવરજવર ચાલુ રહેતી હોય, આ ભેંસોમાં ગળસુંઢા રોગના લક્ષણો જણાઈ આવેલ. આ ભેંસોના તબેલાઓમાં જે નવી ભેંસો લાવવામાં આવેલી છે તેને કઈ જગ્યાએ રાખવી? કઈ રીતે રાખવી? કયારે રસીકરણ કરવું? અને પશુઓને થયેલ રોગોને કઈ દવાથી રોગથામ કરવું તેની પણ પશુપાલકોને જાણકારી આપવામાં આવેલ. તદુપરાંત ભેંસોના તબેલાઓમાં અને આજુબાજુના વિસ્તારોમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પણ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ. આ વિસ્તારમાં ગળસુંઢા રોગોને અટકાવવા માટે પશુપાલન વિભાગની ટીમો કાર્યરત છે. જેનું નેતૃત્વ ડો. એન. સી. પટેલ કરી રહેલ છે. તેઓશ્રી તરફથી મૃત્યુ પામેલ જાનવરોને પોસ્ટમોર્ટમ કરવામાં આવેલ અને તેના નમુના લેબોરેટરીમાં પરિક્ષણ અર્થે મોકલવામાં આવેલ. તેમજ રોગગ્રસ્ત જાનવરોના લોહીના નમુનાં પરિક્ષણ કરતા જાનવરોમાં ગળસુંઢા રોગ એટલે કે હેમરેજીક સેપ્ટીસેમીયા હોવાનું પૂરવાર થયેલ. આ રોગને પ્રસરતો અટકાવવા માટે તમામ પશુપાલકોને અસ્વચ્થ દેખાતા જાનવરોને અલગ રાખવા અને યોગ્ય સારવાર કરાવવા તેમજ સ્વસ્થ દેખાતા જાનવરોને રસીકરણ કરાવી લેવા જણાવેલ તેમજ છાપરાભાઠા વિસ્તારમાં આવેલ આજુબાજુના ગામડાઓમાં પણ આ કામગીરી શરૂ કરી દેવામાં આવેલ છે. અત્યાર સુધી ૪૦૦૦ જેટલી ભેંસોમાં ગળસુંઢા રોગ વિરોધી રસી પણ આપવામાં આવી છે અને છાપરાભાઠા અને આજુબાજુના ગામડા વિસ્તારમાં તમામ પશુપાલકોને તેમના તબેલાઓમાં કોઈપણ પશુ એકાએક મૃત્યુ પામે તો તેની સૂચના મહાનગર સેવાસદનને તેમજ પશુપાલન વિભાગને તાકીદે પહોંચતી કરવાની અપીલ કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં મહાનગર સેવાસદના નોર્થ અને વેસ્ટ ઝોન ધ્વારા સેનેટરી અને કન્ઝર્વેશન તેમજ ડીસઈન્ફેકશનને લગતી તમામ કામગીરી શરૂ કરી દેવાય છે. તેમજ મૃત્યુ પામેલ જાનવરોના નિકાલ કરતી એજન્સીને પણ તેમના ધ્વારા ઉઠાવવામાં આવતા મૃત જાનવરોના ઈન્ટેક કાર્કસ (મૃતદેહ)નો નિકાલ ડીપ બરીયલ મેથડથી કરવાની કડક સૂચના આપવામાં આવી છે.

TOP

# સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૨૫–૩–'૦૭ના રોજ યોજાયેલ બેડમીન્ટલ ટુર્નામેન્ટ




સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા.૨૫.૩.૨૦૦૭ ના રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે મેયર્સ ટીમ–કમિશનર્સ ટીમ તથા પ્રેસ ટીમના સભ્યો વચ્ચે ટ્રાયેન્ગ્યુલર બેડમીન્ટન ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. ડે. મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા, આસી.કમિશનરશ્રી સી.વાય.ભટ્ટ, અન્ય સમિતિ ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ ની ઉપસ્થિતિમાં સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો. સ્પર્ધાને અંતે ડે. મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ, કમિશનર શ્રી વિજયભાઈ સોનવણે, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા, ઉપાધ્યક્ષશ્રી દિપકભાઈ આફ્રિકાવાલા ના વરદ હસ્તે વિજેતા ખેલાડીઓને ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| ક્રમ | બેડમીન્ટન સ્પર્ધાની વિગત | ચેમ્પીયન | રનર્સ અપ |
|---|---|---|---|
| ૧ | લેડીઝ સીંગલ | કુ. ભામિની મહિડા | ડો.સુષ્માબેન અગ્રવાલ |
| ૨ | મેન્સ સીંગલ | શ્રી પિયુષભાઈ ગજજર | શ્રી ભાવેશભાઈ દેસાઈ |
| ૩ | આશ્વાસન ઈનામ | ૧. શ્રી જે. જી. રાઠોડ<br>૨. શ્રી રોહિતભાઈ પટેલ | ૧. શ્રીમતિ સ્મિતાબેન પટેલ<br>૨. શ્રીમતિ સ્વાતીબેન ભટ્ટ |

આ સ્પર્ધાના ચીફ રેફરી તરીકે જીલ્લા રમત ગમત પ્રશિક્ષણ કેન્દ્ર, સુરતના બેડમીન્ટન કોચ શ્રી એચ.એસ. રાવત તથા અન્ય ચાર અમ્પાયરોએ સેવા આપી હતી. તેમજ સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ ખેલાડીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

TOP

# નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં તા. ૨૬–૩–૨૦૦૭ના રોજ વોર્ડ નં. ૧૪ (અડાજણ–વેસ્ટ) વિસ્તારમાં સફાઈ અભિયાન



તા. ૨૬–૩–૨૦૦૭ના રોજ રાંદેર ઝોનમાં અડાજણ ગામ વોર્ડ વિસ્તારમાં આર્જીસ સર્કલ થી બદ્રીનારાયણ મંદિર તથા મહાદેવનગર ઝુંપડપટ્ટીમાં '' નિર્મળ ગુજરાત ૨૦૦૭ '' અંતર્ગત સફાઈ અભિયાન રાખવામાં આવેલ. જેમાં મ્યુ. સભ્યશ્રી પ્રવિણભાઈ પટેલ હાજર રહેલ હતા. રાંદેર ઝોનના આસી. આરોગ્ય અધિકારીના સીધા માર્ગદર્શન હેઠળ આરોગ્ય કર્મચારીઓ ધ્વારા તળિયાઝાટક સાફ સફાઈ કરાવી જંતુનાશક પાવડર–દવાનો છંટકાવ કરાવવામાં આવેલ છે તેમજ આરોગ્ય શિક્ષણની કામગીરી અને લોકજાગૃતિ અભિયાન કરવામાં આવેલ છે.

TOP

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં તા. ૨૮–૩–૨૦૦૭ના રોજ વોર્ડ નં. ૧૩ (રાંદેરરોડ–ગોરાટ) વિસ્તારમાં સફાઈ અભિયાન




તા. ૨૮–૩–૨૦૦૭ના રોજ રાંદેર ઝોનમાં અડાજણ પાટીયા વોર્ડ વિસ્તારમાં નહેરૂનગર, સુભાષનગર વિસ્તાર તથા આંતરીક રસ્તાઓ પર " નિર્મળ ગુજરાત ૨૦૦૭ " અંતર્ગત સફાઈ અભિયાન રાખવામાં આવેલ. જેમાં મ્યુ. સભ્યશ્રી જીગીષભાઈ દવે, અરૂણાબેન દેસાઈ અને સ્થાનિક કાર્યકરો હાજર રહેલ હતા. રાંદેર ઝોનના આસી. આરોગ્ય અધિકારીના સીધા માર્ગદર્શન હેઠળ આરોગ્ય કર્મચારીઓ ધ્વારા તળિયાઝાટક સાફ સફાઈ કરાવી જંતુનાશક પાવડર–દવાનો છંટકાવ કરાવવામાં આવેલ છે તેમજ આરોગ્ય શિક્ષણની કામગીરી કરવામાં આવેલ છે તથા આરોગ્ય વિષયક તપાસ કરી તાવના દર્દીઓના લોહીના નમુના લેવામાં આવેલ તેમજ ધુમ્રશેર પણ કરવામાં આવેલ છે.

TOP

## " મજુરો માટે સંડાસ–બાથરૂમની સગવડતા ઉભી કરવા સરકારનો આદેશ "

રાજય સરકાર ધ્વારા સને–૨૦૦૭ના વર્ષને " નિર્મળ ગુજરાત "ના વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરાયેલ છે. જે અન્વયે નીચે મુજબની સુચનાઓનો અમલ કરવા તમામ સંબંધિત ઝોન તથા વિભાગોને હુકમો કરવામાં આવેલ છે.

(૧) સુરત મહાનગર સેવાસદન ધ્વારા હાથ ધરવામાં આવતા વિકાસ કામોના જે તે ઈજારદાર ધ્વારા બાંધકામના સ્થળે બાંધકામના મજુરો માટે બાથરૂમ–સંડાશની વ્યવસ્થા ઉભી કરાવવા તથા પ્રોજેકટ પૂર્ણ થાય ત્યાં સુધી આવી વ્યવસ્થાના નિભાવ કરવા જે તે સંબંધિત વિભાગ/ઝોનને જણાવવામાં આવેલ છે, અને જો તેનો અમલ ન થાય તો સંબંધિત સામે દંડકીય કાર્યવાહી પણ કરવા જણાવેલ છે.

(૨) સુરત મહાનગર સેવાસદન વિસ્તારમાં બિલ્ડરો/ડેવલપરો ધ્વારા કરવામાં આવતા પ્રોજેકટોમાં પણ બાંધકામના મજુરો માટે બાથરૂમ–સંડાશની વ્યવસ્થા ઉભી કરાવવા તમામ ઝોન તથા મધ્યસ્થ શહેરી વિકાસ ખાતાને જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે, તેમજ દરેક ચાલુ પ્રોજેકટો ઉપર આવી વ્યવસ્થા ઉભી થાય તથા તેનો નિભાવ થાય અને બાંધકામના સ્થળે આરોગ્યલક્ષી પ્રશ્નો ઉભા ન થાય અને સ્વચ્છતા જળવાઈ તે માટે જે તે ડેવલપરો/બીલ્ડરોને તાકીદ કરવા સુચના અપાયેલ છે.

**–: શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ) :–**

TOP